


75 Azadi Ka Amrit Mahotsav

A FORTNIGHTLY NEWSLETTER FROM NRGS' FOUNDATION


# NRG TIMES

CONNECTING GUJARATIS' DIASPORA GLOBALLY


પ્રકાશક : એનઆરજી ફાઉન્ડેશન, ગાંધીનગર

તા. એપ્રિલ ૩૦, ૨૦૨૨ • ચૈત્ર વદ ૧૫ સંવત ૨૦૭૮


Gujarat State Non-Resident Gujaratis' Foundation
(A Government of Gujarat Organization)



**Shri Bhupendra Patel**
Hon'ble Chief Minister
Gujarat State



**Shri Harsh Sanghvi**
Hon'ble Minister of State for NRGs (Independent Charge), Govt. of Gujarat



**Shri Dhananjay Dwivedi(I/C), IAS**
Hon'ble Chairman, GSNRGF
Secretary (NRI),
Govt. of Gujarat



**Shri Vikramsinh Jadav**
Director
GSNRGF


Contact Address

**Gujarat State Non-Resident Gujaratis' Foundation**
Block No. 16, 3rd Floor,
Udhyog Bhavan, Sector - 11,
Gandhinagar.

Phone : +91-79-23238278

E-mail : nrgfoundation@yahoo.co.in

www.facebook.com/GSNRGF



FOR PRIVATE CIRCULATION ONLY


## વડાપ્રધાન અને વિદેશી મહાનુભાવોની ગુજરાત મુલાકાત







શ્રી નરેન્દ્ર મોદી દેશના વડાપ્રધાન બન્યા ત્યારથી લઈને આજ સુધી ૧૫ દેશના વડાઓએ ગુજરાતની મુલાકાત લીધી છે. તાજેતરમાં ૧૮ એપ્રિલથી ૨૦ એપ્રિલ દરમિયાન વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી ગુજરાતની મુલાકાતે આવ્યા હતા. આ અરસામાં જ મોરેશિયસના વડાપ્રધાન પ્રવિંદ જુગનાથ, વિશ્વ આરોગ્ય સંસ્થાના ડાયરેક્ટર જનરલ ટ્રેડોસ અધાનોમ ઘેબ્રીયેસાસ અને બ્રિટનના વડાપ્રધાન બોરિસ જોનસન પણ ગુજરાતની મુલાકાતે આવી ગયા. ૧૯મી એપ્રિલે પ્રધાનમંત્રીશ્રીએ જામનગર ખાતે વિશ્વના પ્રથમ ગ્લોબલ સેન્ટર ફોર ટ્રેડિશનલ મેડિસિન સેન્ટરનું ભૂમિપૂજન કર્યું હતું. ગાંધીનગરના મહાત્મા મંદિરમાં ૨૦મી એપ્રિલે પ્રધાનમંત્રીશ્રીએ ગ્લોબલ આયુષ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ઈનોવેશન સમિટ ૨૦૨૨નું ઉદઘાટન કર્યું હતું. બંને કાર્યક્રમોમાં મોરેશિયસના વડાપ્રધાન અને WHOના ડાયરેક્ટર જનરલ પણ ઉપસ્થિત રહ્યા હતા. ૨૧મી એપ્રિલે ગુજરાતની મુલાકાતે આવેલા બ્રિટિશ વડાપ્રધાને અમદાવાદના ગાંધીઆશ્રમ, ગાંધીનગરના અક્ષરધામ મંદિર અને ગુજરાત બાયોટેકનોલોજી યુનિવર્સિટી ઉપરાંત વડોદરાના હાલોલ ખાતેના જેસીબી પ્લાન્ટની મુલાકાત લીધી હતી. (Source : https://cmogujarat.gov.in)

## મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં ૧૪મો 'ગૌરવવંતા ગુજરાતી' એવોર્ડ સમારંભ યોજાયો



અમદાવાદ ખાતે મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં ૧૪મો 'ગૌરવવંતા ગુજરાતી' એવોર્ડ સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતીઓ સમગ્ર વિશ્વમાં છવાયેલા છે, કોઈ ક્ષેત્ર એવું નહીં હોય જ્યાં ગુજરાતીઓ અવ્વલ નહીં હોય. ફિલ્મ અને ટૂરિઝમ ક્ષેત્રમાં ગુજરાત આજે નવી ઊંચાઈઓ પર આંબી રહ્યું છે અને અનેક પ્રવાસન સ્થળો પર વિકાસ થઈ રહ્યો છે. ગુજરાતના પ્રાકૃતિક સ્થળો પણ આહલાદક છે. જેના કારણે ગુજરાત આજે ઓલ રાઉન્ડ ટૂરિઝમ ક્ષેત્ર બન્યું છે. આ પ્રસંગે પ્રસિદ્ધ ફિલ્મ અભિનેતા ટાઈગર શ્રોફ અને અભિનેત્રી તારા સુતરિયા ઉપરાંત ગુજરાતી ફિલ્મના નામાંકિત અભિનેતાઓ, અભિનેત્રીઓ, ગાયક કલાકારો તથા કલાજગત સાથે જોડાયેલા લોકો ઉપસ્થિત રહ્યાં હતાં. (Source : https://cmogujarat.gov.in)

વહાલા બિન નિવાસી ગુજરાતી મિત્રો,
NRG Times માટે આપનો પ્રતિભાવ તેમજ કોઇ સુચન હોય તો મોકલી આપવા વિનંતી છે. જેથી આપના માટે પ્રકાશિત થતાં આ મેગેઝીનને વધુ ઉપયોગી બનાવી શકાય.

## સમાજના લાભાર્થે ૫૦ કિમી.નું વોક કરતા અનંત પટેલ



વેમ્બલી સ્થિત ભારતીય, ગુજરાતી સમાજની શાન સમા ભવ્યાતિભવ્ય સત્તાવીશ પાટીદાર સેન્ટરના લાભાર્થે સમાજના સક્રિય સભ્ય અનંતભાઇ રમણભાઇ પટેલે ગત તા. ૯ એપ્રિલ, શનિવારે બર્કશાયરના વિન્ડસર રેસકોર્સ, વિન્ડસર ગ્રેટ પાર્ક અને એની આસપાસના ૫૦ કિલોમીટર (૩૨ માઇલ)નું ચેરિટી વોક કરી માતબર રકમનું ફંડ એકત્ર કર્યું. અનંત પટેલ જુલાઇમાં વેલ્સ અને સ્કોટલેન્ડના નેશનલ થ્રી પીક્સ (સ્નોડોનિયા, બેનનેવિશ અને સ્કાયફેલ) પર પર્વતારોહણ કરશે. એજવેર સ્થિત અનંતભાઇ પટેલ આણંદના મૂળ વતની છે.

(Source : www.gujarat-samachar.com)

## અમેરિકામાં રહેતા NRI યુવાનોએ ગૌશાળા માટે દાન એકત્ર કર્યું



મૂળ ભારતીય અને અમેરિકાની ઈન્ડિયા પોલીસ સિટીમાં રહેતા યુવાનોએ વોલીબોલ ટુર્નામેન્ટ રાખીને વતનમાં બારડોલીના માણેકપોર ગામે આવેલ પાંજરાપોળમાં ગાય માતાઓની સેવા માટે ફંડ ભેગું કરીને દાન કર્યું છે. બારડોલી તાલુકાના નિઝર ગામના વતની અને હાલ અમેરિકામાં સ્થાયી દિપેન પ્રવિણભાઈ પટેલે અન્ય યુવાનોની મદદથી અમેરિકામાં આ ટુર્નામેન્ટનું આયોજન કરીને ફંડ એકત્રિત કર્યું અને બારડોલી વિભાગ પાંજરાપોળ અને ગૌસેવા ચેરિટેબલ ટ્રસ્ટને ૧૦૦૦૧ ડોલરનું ગૌદાન આપવામાં આવ્યું છે.

(સંદર્ભ: દિવ્ય ભાસ્કર, તા. ૨૩.૪.૨૦૨૨)

## આર્યા પટેલે કેનબેરામાં યોજાતી 'સ્ટેટ ચેમ્પિયનશિપ'માં જિમ્નાસ્ટિક્સમાં બીજું સ્થાન મેળવ્યું



આર્યા પટેલે માત્ર ૧૫ વર્ષની ઉંમરે વિદેશની ધરતી પર અફલાતૂન પર્ફોર્મન્સ આપીને અમદાવાદનું જ નહીં, પરંતુ સમગ્ર ગુજરાતનું નામ રોશન કર્યું છે. આ દીકરીએ ઓસ્ટ્રેલિયાના કેપિટલ કેનબેરામાં યોજાતી 'સ્ટેટ ચેમ્પિયનશિપ'માં જિમ્નાસ્ટિક્સમાં બીજું સ્થાન મેળવ્યું છે અને હવે ઓસ્ટ્રેલિયામાં યોજાનારી 'નેશનલ ચેમ્પિયનશિપ'માં કેનબેરાને રિપ્રેઝેન્ટ કરવાની છે. આર્યા પટેલનો જન્મ અમદાવાદ શહેરના નારણપુરા વિસ્તારમાં થયો હતો અને હાલ તે કેનબેરામાં રહે છે. આ પહેલાં પણ આર્યાએ ઓસ્ટ્રેલિયાની નેશનલ ચેમ્પિયનશિપમાં ૩ વખત ટોપ ૧૦માં સ્થાન મેળવ્યું છે.

(Source : www.divyabhaskar.co.in)

## આર્ય ઓસ્ટ્રિયામાં ટેબલ ટેનિસ રમનારી ભારતીય ટીમમાં સામેલ



ઓસ્ટ્રિયામાં આંતરરાષ્ટ્રીય ટેબલ ટેનિસ ટૂર્નામેન્ટમાં ભાગ લેવા જનારી ભારતીય ટીમની અંડર-૧૩ કેટેગરીમાં કુલ ચાર ખેલાડીઓ છે, જેમાંથી એક ખેલાડી ગુજરાતનો આર્ય કટારિયા પણ છે. ૧૩ વર્ષનો આર્ય કટારિયા પોતાની કેટેગરીમાં ગુજરાતની ટેબલ ટેનિસ ટીમનો કેપ્ટન બન્યો છે. તે ગુજરાતની ટીમનું પ્રતિનિધિત્વ નેશનલ ટૂર્નામેન્ટમાં કરે તે અગાઉ જ તે ટીમ ઈન્ડિયા તરફથી પ્રથમ આંતરરાષ્ટ્રીય ટૂર્નામેન્ટ રમશે. આર્યએ અત્યાર સુધી ૪ નેશનલ ટૂર્નામેન્ટમાં ભાગ લીધો છે જેમાંથી તેણે ત્રણ વખત મેડલ જીત્યા છે. ઉપરાંત બે વખત સિલ્વર મેડલ અને એક વખત બ્રોન્ઝ મેડલ પોતાના નામે કર્યો હતો. આર્યએ ૨૦૧૮થી ટેબલ ટેનિસ રમવાનું શરૂ કર્યું હતું. આર્ય પોતાની પ્રથમ આંતરરાષ્ટ્રીય ટૂર્નામેન્ટ રમ્યા બાદ રાજ્યના કેપ્ટન તરીકે મે મહિનામાં નેશનલમાં રમશે.

(Source : www.divyabhaskar.co.in)

## અખિલ ભારતીય ગુજરાતી યુવા પરિચય સંમેલન યોજાયો



છત્તીસગઢના રાયપુર ખાતે અખિલ ભારતીય ગુજરાતી સમાજે પરિચય સંમેલનનું આયોજન કર્યું હતું જેમાં અનેક જગ્યાએથી સમાજના લોકોએ ભાગ લીધો હતો. આ દરમિયાન પાંચ પરિવારો વચ્ચે યુવક-યુવતીના સંબંધો નક્કી થયા હતા જેમને સમાજ તરફથી ૧૫ હજાર શુકન ભેટ આપવામાં આવશે. છત્તીસગઢ સકલ ગુજરાતી સમાજના પ્રદેશ પ્રમુખ કૌશિક કટ્ટાએ જણાવ્યું હતું કે ઘણા પ્રાંતોના ૩૫૦થી વધુ યુવાનો અને તેમના પરિવારોએ ભાગ લીધો હતો. અખિલ ભારતીય ગુજરાતી સમાજના પ્રમુખ હિમાંશુભાઈ મહેતા, પૂર્વ પ્રમુખ પરેશભાઈ ચૌહાણ, ઉપપ્રમુખ હરેશભાઈ સોની પણ ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાતી શાળા દેવેન્દ્રનગર ખાતે ૧૬ અને ૧૭ એપ્રિલના રોજ પરંપરાગત રાસ-ગરબા અને યુવક-યુવતીઓનું પરિચય સંમેલન યોજાયું હતું.

(Source : www.patrika.com)

## સંજય પટેલ ગુજરાતી સમાજના ૧૧મી વાર અધ્યક્ષ બન્યા



ગુજરાતી ભવનમાં યોજાયેલી શ્રી ગુજરાતી સમાજ, ભોપાલની દ્વિવાર્ષિક ચૂંટણીમાં ૧૧મી વખત પ્રમુખ તરીકે સંજય પટેલ બિનહરીફ ચૂંટાયા હતા. પટેલ પ્રથમ વખત વર્ષ ૨૦૦૧માં પ્રમુખ તરીકે ચૂંટાયા હતા ત્યારથી સમાજના લોકો સતત પટેલને પ્રમુખ તરીકે પસંદ કરી રહ્યા છે. તેમના ૧૦ કાર્યકાળ દરમિયાન તેમણે કારોબારી અને સભ્યોની મદદથી સમાજના સભ્યોના ઉત્થાન માટે દિવ્યાંગો અને વૃદ્ધો માટે પેન્શન, ગૃહ ઉદ્યોગ માટે વ્યાજ વગરની લોન, શિક્ષણ માટે લોન જેવા પ્રયાસો કર્યા છે.

(Source : www.naidunia.com)

# પ્રતિષ્ઠાનની પ્રવૃત્તિઓ






ગુજરાત રાજય બિન નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન, ગાંધીનગર દ્વારા એન.આર.જી સેન્ટર, રાજકોટના સહયોગથી વિદેશમાં વસતા ભારતીય સાથે લગ્નના કિસ્સામાં છેતરપીંડી, વિશ્વાસઘાતના કિસ્સાઓ સામે જાગૃતિ લાવવાના આશયથી તા.૧૯/૦૪/૨૦૨૨ના રોજ એમ.વી.એમ. કોલેજ ઓફ કોમર્સ, રાજકોટ ખાતે 'વિદેશમાં વસતા ભારતીયો સાથે લગ્ન અંગે જાગૃતતા પરિસંવાદ' યોજાઇ ગયો. આ પરિસંવાદમાં ૩૦૦થી ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.



## બિન-નિવાસી ગુજરાતીઓને પ્રતિષ્ઠાન સાથે જોડાવા આહ્વાન



અત્યાર સુધીમાં અનેક બિન-નિવાસી ગુજરાતીઓ ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન સાથે જોડાઇ ચૂક્યા છે.

### આપ જોડાયા?

જો આપ ન જોડાયા હોવ તો આજે જ આપનો ડેટાબેઝ (નામ અને સંપર્કની વિગતો) ઈ-મેઇલ (nrgfoundation@yahoo.co.in) દ્વારા , કુરિયર કે પોસ્ટ દ્વારા મોકલી ગુજરાત રાજ્ય બિન-નિવાસી પ્રતિષ્ઠાન સાથે જોડાવા હાર્દિક આહ્વાન છે.

## બિન-નિવાસી ગુજરાતીઓને ક્ષેત્રિય કક્ષાએ સુવિધાઓ પુરી પાડતા એન.આર.જી. સેન્ટર



બિન-નિવાસી ગુજરાતીઓને ક્ષેત્રિય કક્ષાએ સુવિધાઓ પુરી પાડવા ગુજરાત રાજ્ય બિન નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાને ગુજરાતભરમાં અમદાવાદ, આણંદ, સુરત, વડોદરા, રાજકોટ અને મહેસાણા જેવા મુખ્ય શહેરોમાં એન.આર.જી. સેન્ટર્સ સ્થાપ્યા છે જે બિન નિવાસી ગુજરાતીઓને સુવિધાઓ પુરી પડે છે.

આ સેન્ટર્સ નીચે પ્રમાણેની સુવિધાઓ પુરી પડે છે.

- પ્રવાસન માર્ગદર્શન
- નિવાસ માર્ગદર્શન
- તબીબી સેવાઓમાં માર્ગદર્શન
- વ્યાપાર તકો અંગે માર્ગદર્શન
- શૈક્ષણિક તકો અંગે માર્ગદર્શન
- વિદેશી ચલણ મેળવવા અંગે માર્ગદર્શન
- ખરીદી અંગે માર્ગદર્શન
- બિન નિવાસી ગુજરાતી ડિરેક્ટરીમાં મદદ
- ગુજરાત કાર્ડની અરજીઓ સ્વીકારવી

## ગુજરાત કાર્ડ ઓનલાઈન મેળવો



બિન - નિવાસી ગુજરાતીઓની ગુજરાત મુલાકાત યાદગાર બનાવવા ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન દ્વારા 'ગુજરાત કાર્ડ' એક આગવી ઓળખ આપવામાં આવે છે. વિદેશમાં વસતા તથા ભારતમાં ગુજરાત બહાર વસતા બિન-નિવાસી ગુજરાતીઓને રૂ.૨૨૫ અથવા ૫ (પાંચ) યુ.એસ. ડોલરની નજીવી કિંમતે ગુજરાત કાર્ડ આપવામાં આવે છે. આ કાર્ડ હવે પ્રતિષ્ઠાનની વેબસાઇટ www.nri.gujarat.gov.in પરથી ઓનલાઇન ફોર્મ ભરી સાથે જરૂરી દસ્તાવેજો જોડી તેમજ પેમેન્ટ ગેટ વે દ્વારા ઓનલાઇન ફી ભરી મેળવી શકાય છે.

# ગુજરાતના પ્રાચીન લોકવાદ્યો

**સંગીતની વાત આવે એટલે મનમાં આપોઆપ સારેગામાપા... છેડાઇ જાય છે, કોઇને કોઇ ગીત કે ધૂન મનમાં રણકવા લાગે છે. આ સાથે જ દિવસભરનો થાક ક્યાં વિસરાઇ જાય છે તેનો ખ્યાલ આવતો નથી. પણ આ વિસરાઇ જવાની પ્રક્રિયામાં આપણે આપણી સાંસ્કૃતિક વિરાસતને પણ ભૂલીને આગળ ચાલી રહ્યા છીએ. ગુજરાતમાં લોકવાદ્યોની વિશાળ શ્રેણી છે. ખાસ કરીને ગુજરાતના આદિવાસીઓ અને પશુપાલકો કેવા અદભુત સંગીત સૂરો રેલાવતા વાદ્યો વગાડતા હતા તેનો ખ્યાલ પણ આપણને નથી. આવા જ કેટલાક વાદ્યો લુપ્ત થવાના આરે છે. આવા વાદ્યો વિષે જાણીએ.**

## પાવરી



ડાંગના આદિવાસીઓમાં આ લોકપ્રિય વાદ્ય છે. પહેલાના સમયમાં પાવરી બનાવવા માટે ગાય કે બળદના શિંગડાનો ઉપયોગ કરવામાં આવતો હતો. હવે તેના માટે તાડપત્રીનો ઉપયોગ કરવામાં આવે છે. શિંગડા કે તાડપત્રી ઉપરાંત બે વાંસળી અને પાકીને સૂકાઈ ગયેલી દૂધીના એકીકરણથી પાવરી બને છે.

## સુંદરી



સાતથી નવ છિદ્રોવાળું આ એક એવું નાનકડું વાદ્ય છે જે જાણકાર દ્વારા બહુ સરળતાથી વગાડી શકાય છે. જોકે હવે આ વાદ્ય બહુ પ્રચલિત નથી. સુંદરી એ કચ્છની લંગા જાતિનું પારંપારિક વાદ્ય છે.

## સુરાંદો

સુરાંદો કચ્છનું એક પ્રાચીન તંતુવાદ્ય છે. સારંગી જેવું લાગતું આ વાદ્ય કચ્છના લોકસંગીતમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. ગજથી વાગતું આ વાદ્ય સિંધ અને પાકિસ્તાનના સરિંદા નામના વાદ્ય સાથે મળતું આવે છે.



## જંતર



આ વાદ્ય વીણા જેવું હોય છે. વાદક આને ગળામાં નાખીને ઊભા ઊભા જ વગાડી શકે છે. વીણાની જેમ આમાં બે તુંબડા હોય છે. વચ્ચે વાંસની લાંબી નળી હોય છે. આમાં કુલ ચાર તાર હોય છે.

## રાવણહથ્થો



રાવણહથ્થો પણ ગજ દ્વારા વાગતું એક તંતુવાદ્ય છે. રાજસ્થાન ઉપરાંત કચ્છ અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારમાં પણ રાવણહથ્થો વગાડવામાં આવે છે.

## રણશિંગુ

નામ પ્રમાણે જ પશુના શિંગનું બનતું 'બ્યૂગલ' જેવું એક રણવાદ્ય જે પહેલાંના સમયમાં યુદ્ધની ઘોષણા કરવા વપરાતું. હવે ધાતુનાં પણ રણશિંગા બને છે.

## એકતારો



એકતારો પણ એક તંતુવાદ્ય છે પરંતુ એ હાથની પહેલી આંગળી વડે જ વગાડવામાં આવે છે. કૃષ્ણભક્ત મીરાં ભજન ગાતા સમયે એકતારો વગાડતાં હતાં. હવે એનો ઉપયોગ ભાગ્યે જ કરવામાં આવે છે.

## નાગફણી

નાગ જેવું દેખાતું અને મોઢેથી વાગતું કચ્છનું પ્રાચીન વાદ્ય છે. પિત્તળમાંથી બનતું આ વાદ્ય નાગના આકારનું જ હોવાથી એને નાગફણી કહેવામાં આવે છે. જોકે આ વાદ્ય હવે નામશેષ થઈ ગયું છે.



## જોડિયા પાવા



જોડિયા પાવા એ બે વાંસળીની જોડને સામાન્ય વાંસળીની જેમ મોઢેથી ફૂંક મારીને વગાડવામાં આવે છે. આ બે વાંસળીમાં એક નર અને એક માદા હોય છે જે વીસથી બાવીસ ઈંચ લાંબા હોય છે. રણપ્રદેશમાં ઘેટાં ચરાવનારા ભરવાડો ખૂબ તન્મયતાથી જોડિયા પાવા વગાડે છે.



## મોરચંગ



મોરચંગને તંતુવાદ્ય કહી શકાય. આ વાદ્ય ખિસ્સામાં મૂકી શકાય એવું હોય છે. જો કે તેનો ધ્વનિ ખૂબ મોટો અને મનમોહક હોય છે. લોખંડ અને પિત્તળમાંથી બનાવાયેલા આ મોરચંગનો ઉપયોગ ભરવાડ કે વણઝારા કરે છે. કચ્છી લોકસંગીતમાં લંગાગાયકો દ્વારા આ વાદ્યનો સૌથી વધુ ઉપયોગ કરવામાં આવે છે.



## ભૂંગળ

ભવાઈમાં તે મુખ્ય વાદ્ય ગણવામાં આવે છે. ભુંગળ અંદાજે ચારથી પાંચ ફૂટ લાંબુ હોય છે.



## થાળી વાદ્ય

મધ્યમ આકારની કાંસાની થાળીમાં ખાસ પ્રકારનું મીણ લગાડેલી એક પાતળી સળી ઊભી રાખવામાં આવે છે. સરબાહ કે ભાંગાર નામની વનસ્પતિની સળીને સર કહેવામાં આવે છે. અઢીથી ત્રણ ફૂટનો સર હોય તો થાળી સારી વાગે છે.



## માદળ

મૃદંગ જેવું દેખાતું આ વાદ્ય બીયાના કે સાગના લાકડામાંથી બનાવવામાં આવે છે. અંદાજે ચાલીસ ઈંચ લાંબા માદળના મુખ પરના ચામડાને ડાંગી લોકો 'ઘોદ' કહે છે. ઘોદ પર વચ્ચે મીણ લગાડવામાં આવે છે. મૃદંગની જેમ માદળનું મુખ એક બાજુથી નાનું અને બીજી બાજુથી મોટું નથી હોતું. માદળનો આકાર સળંગ એકસરખો જ હોય છે. માદળનો અવાજ ભારે હોવાથી એ લગ્નપ્રસંગે દેવગીતો ગાતી વેળાએ વગાડવામાં આવે છે.



## ઢાંક/ઢાંકા

ડમરું જેવા આકારનું આ વાદ્ય નવથી દસ ઈંચ લંબાઈનું હોય છે. ઢાંકની જમણી બાજુને 'કુડપી' અને ડાબી બાજુને 'થાપ' કહેવાય છે. કુડપીને વાંસમાંથી બનાવાય છે અને શણની દોરીથી તેને ધનુષ જેવો આકાર આપવામાં આવે છે. ઢાંકની વિશેષતા એ છે કે એને પગની પીંડી પર બાંધીને વગાડવામાં આવે છે. પગમાં ઢાંક સાથે ઘૂઘરા બાંધી તાલ આપવામાં આવે છે.



## કહાળી

શરણાઈ જેવું લાગતું આ વાદ્ય જંગલમાં ગાયો ચરાવવા જતા ગોવાળિયા અને માલધારીઓ દ્વારા વગાડવામાં આવે છે.



## નાલ

આ ઢોલક જેવું દેખાતું એક બાજુથી સાંકડું અને બીજી બાજુથી પહોળું વાદ્ય છે. ઢોલકની તુલનામાં નાલનો અવાજ થોડો તીણો પણ મધુર હોય છે. કોઈ પણ પ્રકારના નૃત્ય કે ગીત ગાતી વેળાએ નાલ વગાડવામાં આવે છે.

(Sources & Photo Courtesy : https://gujarati.oneindia.com, https://pbs.twimg.com, https://live.staticflickr.com, https://ddnewsgujarati.com, www.kafaltree.com, https://player.uacdn.net)

# ગુજરાતના હેરિટેજ વૃક્ષો




તાજેતરમાં જ ‘વર્લ્ડ હેરિટેજ ડે’ ગયો. હેરિટેજ શબ્દ આપણા કાને અથડાય એટલે જૂની-પુરાણી ઈમારતો, કિલ્લા માનસપટ પર તરવા લાગે. હેરિટેજને આપણે જૂની ઈમારત પૂરતો સિમિત શબ્દ બનાવી દીધો છે. પણ એવું નથી. હેરિટેજનો સીધો સરળ અર્થ છે વારસો. આ વારસો કોઈપણ રૂપે હોઈ શકે. એ તળાવ હોઈ શકે, એ નદી હોઈ શકે, એ વૃક્ષો પણ હોઈ શકે.

એક વર્ષ પહેલાં, એપ્રિલ ૨૦૨૧માં ગુજરાત સરકારે રાજ્યના બાવન (૫૨) વૃક્ષોને હેરિટેજ જાહેર કર્યા. જેમાં ભરૂચમાં ૧, ગાંધીનગરમાં ૨, તાપીમાં ૩, સાબરકાંઠામાં ૩, વડોદરા જિલ્લામાં ૬, નવસારીમાં ૩, સુરતમાં ૧, જૂનાગઢમાં ૬, ભાવનગરમાં ૧, નર્મદામાં ૪, વલસાડમાં ૨, દાહોદમાં ૨, નડીયાદમાં ૩, મહેસાણામાં ૩, સુરેન્દ્રનગરમાં ૧, ડાંગમાં ૬ અને પંચમહાલમાં ૨, તથા અમદાવાદ, બનાસકાંઠા અને પાટણમાં એક-એક હેરિટેજ વૃક્ષ છે.

**હેરિટેજ વૃક્ષ એટલે શું?** જે વૃક્ષોને હેરિટેજ જાહેર કરાયા છે તે વૃક્ષો હેરિટેજ ઈમારતની જેમ મૂલ્યવાન અને રક્ષિત જ ગણાય. રક્ષિત એટલે સરકારી મિલકત. હેરિટેજ જાહેર થયેલા વૃક્ષને સરકારની પરવાનગી વગર કાપી શકાય નહીં. કાપો તો બહુ કઠીન સજાની જોગવાઈ છે. કાપવાની વાત તો દૂર, આવા વૃક્ષ ફરતે બાંધકામ ન થઈ શકે. થડમાં ખીલી પણ ન લગાવી શકાય. આ વૃક્ષોને નુકસાન ન પહોંચે એટલે તેનું ધ્યાન રાખવા સરકારે વનવિભાગ હસ્તક ગાર્ડ નિમ્યા હોય છે જે સમયાંતરે વૃક્ષની તપાસ કરે. ગામના લોકો આ વૃક્ષોનું મહત્વ સમજે એ માટે શિબિરો યોજીને સમજ અપાય છે. ગ્રામ પંચાયત અને સ્થાનિક ગ્રામજનોનો સંપર્ક કરી સંરક્ષણ માટે માહિતગાર પણ કરાય છે.

**ઝાડ હેરિટેજ છે તે કેવી રીતે નક્કી થાય છે?** વન વિભાગ દ્વારા મહત્વના વૃક્ષોની યાદી તૈયાર થાય છે. પછી એક્સપર્ટ પેનલ દ્વારા વૃક્ષોના માપદંડ નક્કી થાય છે, જેમ કે, સૌથી મોટું વૃક્ષ, સૌથી વધારે આયુષ્ય ધરાવનાર વૃક્ષ, અસામાન્ય વૃક્ષ, આ પ્રકારની વ્યાખ્યામાં બંધબેસતા વૃક્ષોને હેરિટેજ જાહેર કરવામાં આવે છે. સદીઓથી અડીખમ ઊભેલું વૃક્ષ પણ હેરિટેજ ગણાય.



જૂનાગઢના માંગરોળ તાલુકાના હુસેનબાદ ગામે સૌથી મોટું રુખડા (બાઓબાબ)નું વૃક્ષ



ભરૂચમાં નર્મદા કિનારે આવેલો પૌરાણિક કબીર વડ



ગાંધીનગરના દેહગામના વડદ ગામે આવેલું વર્ષો જૂનું પીલુનું ઝાડ



દાહોદના જૂના વડિયા ગામે બે સદી જૂનો શેમળો ઊભો છે

**મહત્વના હેરિટેજ વૃક્ષો :** લીમખેડા તાલુકાના જૂના વડિયા ગામના ખાંડીવાવ ફળિયામાં આવેલું શેમળાનું વૃક્ષ દાહોદનું 'વડીલ' છે. તેનો કુલ ઘેરાવો ૧૦.૮ મીટરનો છે. ૫ડછંદ કાયા ધરાવતા ચારેક વ્યક્તિ માનવ સાંકળ રચે ત્યારે તેનું થડ માપી શકાય! શેમળાની ઊંચાઇ ૩૫ મીટર અંદાજવામાં આવી છે. બીજા શબ્દોમાં કહી તો શેમળાનું આ વૃક્ષ ત્રણચાર માળના એપાર્ટમેન્ટ જેટલું ઊંચું છે. આ વૃક્ષની ઉંમર ૨૦૦ વર્ષથી વધુ હોવાનો અંદાજ છે. ભાયલી પાસે આવેલા ગણપતપુરા ગામમાં ૯૦૦ વર્ષ જૂનું ૧૬.૫૦ મીટર ઘેરાવો ધરાવતું બાઓબાબનું વૃક્ષ આજે પણ અડીખમ ઊભું છે. તેનું થડ એટલું પોલું હોય છે કે તેમાં ૧૦થી ૧૫ હજાર લીટર પાણી સમાઈ શકે! બાઓબાબનું વૃક્ષ ગુજરાતમાં 'રૂખડો', 'ગાંડું ઝાડ', 'ભૂતિયું ઝાડ' નામથી ઓળખાય છે. ભરૂચમાં નર્મદા નદીની વચ્ચે ટાપુ પર કબીરવડ નામનો વિશાળ વડલો છે. આ સ્થળે સંત કબીરનું મંદિર છે. સંત કબીર દ્વારા નંખાયેલી દાતણની ચીરીમાંથી આ વડ ઉગ્યો હોવાની વાયકા છે. આ વડ ૩૦૦ વર્ષ જુનો છે અને તેનો ફેલાવો ત્રણ કિલોમીટર સુધી છે. એક હજારથી વધારે માણસો આ વૃક્ષ નીચે બેસી શકે છે! હવે વાત કરીએ, બનાસકાંઠા જિલ્લાના થરાદ તાલુકાના નારોલી ગામે આવેલા તુલસીની. સવાલ એ થાય કે આ તુલસીમાં એવું તે શું છે કે તેને હેરિટેજ યાને રક્ષિત જાહેર કરવું પડ્યું. લોકવાયકા એવી છે કે, આ તુલસી મહાભારતકાળનાં છે અને માતા કુંતિએ તે વાવ્યાં હતાં. આ તો લોકવાયકાની વાત થઈ પણ વૈજ્ઞાનિક કારણ એવું છે કે, તુલસીના રોપ હોય એટલે કે છોડ હોય, પણ નારોલી ગામે તુલસીનું વૃક્ષ છે. સામાન્ય રીતે તુલસી વૃક્ષના રૂપમાં ન હોય, પણ અહીંયા છે. જમીનથી આ વૃક્ષ ૧૧ ફૂટ ઊંચું છે.

## ગુજરાતના ૫૨ (બાવન) હેરિટેજ વૃક્ષોની યાદી

| જિલ્લો | હેરિટેજ વૃક્ષ | સ્થળ |
|---|---|---|
| ભરૂચ | કબીર વડ | માંગલેશ્વર |
| ગાંધીનગર | કંથારપુર વડ | કંથાર, તા. દહેગામ |
| તાપી | ઘાટા વડ | ઘાટા, તા. વ્યારા |
| તાપી | બહેડા | સાંઢકુંવા, તા. સોનગઢ |
| તાપી | મહુડો | કાલાઘાટ, તા. સોનગઢ |
| સાબરકાંઠા | રાણા પ્રતાપ વડ | ખોખા, તા. વિજયનગર |
| સાબરકાંઠા | રૂખડો | ચિતરીયા પાલ, તા. વિજયનગર |
| સાબરકાંઠા | પીપળો | વિરેશ્વર મંદિર, તા. વિજયનગર |
| વડોદરા | વડ | વડોદરા શહેર |
| વડોદરા | બહેડો | ટુંડવા, તા. છોટા ઉદેપુર |
| વડોદરા | બહેડો | કેવડી ફોરેસ્ટ, તા. છોટા ઉદેપુર |
| વડોદરા | સાગ | ટુંડવા, તા. છોટા ઉદેપુર |
| વડોદરા | મહુડો | ચીસાડીયા, તા. છોટા ઉદેપુર |
| વડોદરા | રૂટલેસ વડ | હાંફેશ્વર મહાદેવ મંદિર, તા. કવાંટ |
| નવસારી | દાંડી વડ | દાંડી |
| નવસારી | રેઇન ટ્રી | વાંસદા |
| નવસારી | શિવલિંગી | બીલીમોરા, ગણદેવી |
| સુરત | રૂખડો | એલ.પી. સવાણી રોડ |
| જૂનાગઢ | રૂખડો | હુસેનબાદ, તા. માંગરોળ |
| જૂનાગઢ | કડાયા | બાબરિયા રેન્જ-ગીર જંગલ |
| જૂનાગઢ | બોરડી | સાપનેસ ફોરેસ્ટ બીટ, ગીર જંગલ |
| જૂનાગઢ | જોધા આંબલી | ગીર જંગલ પશ્ચિમ વિભાગ |
| જૂનાગઢ | મહોગની | મઘડી બાગ, જૂનાગઢ યુનિવર્સિટી |
| જૂનાગઢ | બોરસલ્લી | મઘડી બાગ, જૂનાગઢ યુનિવર્સિટી |
| ભાવનગર | રૂખડો | પાલીતાણા |
| નર્મદા | આંબો | દુર્વા ગામ |
| નર્મદા | આંબો | પિપલોદ રેન્જ |
| નર્મદા | શેમળો | તરાવ નદી કિનારે, તા.ડેડીયાપાડા |
| નર્મદા | બહેડો | મોસડા કેમ્પ સાઇટ, તા. ડેડીયાપાડા |
| વલસાડ | આંબો | સંજાણ, તા. ઉંમરગામ |
| વલસાડ | પીપળો | વલીથા ભાદરવાડ, તા. વાપી |
| દાહોદ | શેમળો | જૂના વડિયા, તા. લીમખેડા |
| દાહોદ | મહુડો | ચાકલીયા, કગડાખેડી, તા. જાલોદ |
| નડિયાદ | લીમડો | કઠલાલ, કપડવંજ |
| નડિયાદ | આમળા | ઉતરસંડા |
| નડિયાદ | આંબલી | આલવા, તા. કપડવંજ |
| મહેસાણા | લીમડો | લુણાવા, જિ. મહેસાણા |
| મહેસાણા | રૂખડો | વડનગર |
| મહેસાણા | રાયણ | વસઇ, તા. વીજાપુર |
| સુરેન્દ્રનગર | લીમડો | ભેચડા, તા. ધ્રાગંધ્રા |
| ડાંગ | બહેડો | બારડીપાડા રેન્જ, ડાંગ જંગલ |
| ડાંગ | સાદડ | વઘઇ બોટનિકલ ગાર્ડન |
| ડાંગ | સાગ | પુર્ણા, બરડીપાડા રાઉન્ડ |
| ડાંગ | કલામ | પુર્ણા અભયારણ્ય, બરડાપાડા |
| ડાંગ | કિલાઇ | વઘઈ બોટનિકલ ગાર્ડન |
| ડાંગ | ઉંભ | બરડીપાડા |
| પંચમહાલ | અર્જુન સાદડ | મોરખાખરા જંગલ, તા. ખાનપુર |
| પંચમહાલ | હાળદુ | સાતકુન્ડા, તા. સાંતલપુર |
| અમદાવાદ | રાયણ | વહેલાલ, તા. દસક્રોઇ |
| પાટણ | રાયણ | માતપુર, પાટણ |
| ગાંધીનગર | પીલુ | વદડ, તા. દહેગામ |
| બનાસકાંઠા | તુલસી | નારોલી, તા. થરાદ |

(Source & Photo Courtesy : https://forests.gujarat.gov.in, www.divyabhaskar.co.in)